


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૯૮ ૭ જાન્યુઆરી, ૨૦૧૩, સોમવાર; માગશર વદ - ૧૦ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# આવતીકાલથી ગાંધીનગરમાં વાયબ્રન્ટ પ્રદર્શન

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર,તા.૬


ભારતભરનું સૌથી મોટું ઔદ્યોગિક પ્રદર્શન ગાંધીનગરમાં વાયબ્રન્ટના સ્થળે થવાનું છે. એક લાખ ચોરસ મીટર કરતાં વધારે વિસ્તારમાં ફેલાયેલા આ એક્ઝિબિશનમાં એક હજાર કોર્પોરેટ કંપનીઓ તેમની ૨૫ હજાર પ્રોડક્ટ્સ ડેલિગેટ્સ અને જાહેર જનતા સમક્ષ રજૂ કરશે. આ એક્ઝિબિશન ૮મી ખુલ્લું મૂકાશે અને ૧૩મી સુધી ચાલશે. રોજ રાત્રે કલ્ચરલ પ્રોગ્રામ પણ આ સ્થળે થવાના છે.

વાયબ્રન્ટ સમિટની સિરિઝમાં આજે પ્રદર્શનની વિગતો આપતાં ઉદ્યોગ વિભાગના અગ્રસચિવ મહેશ્વર શાહુએ જણાવ્યું હતું કે ૨૦૦૩ના પહેલા વાયબ્રન્ટમાં ૩૦૦૦ ચોરસ મીટરમાં પથરાયેલા વાયબ્રન્ટ એક્ઝિબિશનમાં માત્ર ૩૬ સ્ટોલ હતા, છેલ્લે ૨૦૧૧માં ૨૪૭૭૭ ચોરસ મીટરમાં આ પ્રદર્શન થયું હતું અને તેમાં ૩૧૨ સ્ટોલ રાખવામાં આવ્યા હતા.

વાયબ્રન્ટ સ્થળે ૨૫થી વધારે સેક્ટરના પેવેલિયન, ૧૩ ડોમ્સ અને ૧૪ એક્સક્યુઝિવ સેમિનાર પેવેલિયન રાખવામાં આવ્યા છે. સમગ્ર વિસ્તારમાં વાઈ-ફાઈ કનેક્ટિવિટી હોવાથી ડેલિગેટ્સ તેમજ મિડીયા આસાનીથી નેટસર્ફિંગ કરી શકશે. મહેશ્વર શાહુએ કહ્યું હતું કે પ્રદર્શન સ્થળે ક્રાફ્ટ વિલેજ અને સોલાર વિલેજ ઉભું કરવામાં આવી રહ્યું છે. વિશ્વનું સૌથી પ્રથમ સોલાર વિમાન પણ પ્રદર્શનમાં મૂકાશે. ૧૪ કન્ટ્રીના ઉદ્યોગગૃહો પ્રદર્શનમાં તેમની પ્રોડક્ટ્સ રજૂ કરવાના છે.

પ્રદર્શનની મુલાકાતે ૧.૫ મિલિયન લોકો આવશે તેવી ધારણા વ્યક્ત કરતાં ઉદ્યોગ અગ્રસચિવે કહ્યું હતું કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૮મીએ સવારે એક્ઝિબિશનનું ઉદ્ઘાટન કરશે, ત્યારબાદ બપોરે જાહેર જનતા માટે તેને ખુલ્લું મૂકાશે. આ પ્રદર્શનને ગ્લોબલ ટ્રેડ શો ના નામથી ઓળખવામાં આવશે.

આ વખતે ભારતની પ્રથમ એવી ડાયમન્ડ, ગોલ્ડ અને જેમ મઢેલી પાંચ કરોડની કાર હરાજી માટે મૂકાશે.

(તસવીર : દિપક જાની)

## એક હજાર કોર્પોરેટની ૨૫ હજાર પ્રોડક્ટ્સ : એક લાખ ચોરસમીટરમાં પથરાયેલા એક્ઝિબિશનને ૧.૫ મિલિયન લોકો નિહાળશે : ૮મીએ પ્રારંભ, ૧૩મીએ પૂર્ણાહૂતિ

## હેલીપેડના મેદાનમાં કાયમી પ્રદર્શન શરૂ કરાશે

ગાંધીનગર, તા.૬

દિલ્હી, મુંબઈ જેવા મેટ્રો સીટીઝમાં છે તેવું કાયમી પ્રદર્શન ક્ષેત્ર ગાંધીનગરમાં બનાવવમાં આવશે તેવી શકયતા છે. હાલમાં હેલીપેડ મેદાનમાં વાઈબ્રન્ટ સમિટ અંતર્ગત વિશાળ પ્રદર્શન યોજાઈ રહ્યું છે ત્યારે તેનો કેટલોક ભાગ કાયમી રાખી તેમાં વર્ષ દરમિયાન જુદા જુદા પ્રદર્શનો યોજવા તેવું આયોજન થઈ રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હીના પ્રગતિ મેદાનમાં આવું કાયમી પ્રદર્શન ક્ષેત્ર છે. તે પેટર્ન મુજબ જ મેગા ફેર બાદ પ્રદર્શનનો કેટલોક હિસ્સો કાયમી રાખ્યા બાદ તેમાં જુદા જુદા પ્રદર્શન યોજાશે. અહીંથી હેલીપેડ ખસેડી લેવાનું પણ વિચારવામાં આવી રહ્યું છે.

## સૂર્ય ઉર્જાથી ચાલતુ પ્લેન પ્રદર્શનની શોભા બનશે

ગાંધીનગર, તા. ૬

બિન પરંપરાગત ઉર્જાના સ્ત્રોતોમાં સૌથી વધુ સંશોધનો સૌર ઉર્જા ક્ષેત્રે થઈ રહ્યા છે. ઘણી કંપનીઓ આ ક્ષેત્રમાં સંશોધનો કરી રહી છે. હેલીપેડ ખાતે યોજાનાર પ્રદર્શનમાં એક સેગમેન્ટમાં સોલાર પાર્ક ઉભું કરાશે. સૌર ઉર્જાનો ક્યાં ક્યાં શ્રેષ્ઠ ઉપયોગ થઈ શકે તે આ પ્રદર્શન થકી લોકોને સમજાવવામાં આવશે. સોલાર પાર્કમાં સોલવે ગ્રુપ દ્વારા એક અનોખા સોલાર એરપ્લેનને રજુ કરવામાં આવશે. સંપૂર્ણ પણે સૌર ઉર્જાથી સંચાલિત આ પ્લેને આખા વિશ્વની પ્રદક્ષિણા કરી છે. એકાદ-બે દિવસમાં તે પણ ગાંધીનગર આવી જશે.






(તસવીર : દિપક જાની)

## મુલાકાતીઓ માટે અમદાવાદના જુદા જુદા સ્થળોએથી બસ ઉપડશે

ગાંધીનગર, તા. ૬

એક લાખ ચોરસ મીટર જેટલા વિશાળ વિસ્તારમાં શરૂ થનાર મેગા પ્રદર્શનની મુલાકાત મહત્તમ નાગરિકો લે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. અમદાવાદના નાગરિકોને ગાંધીનગર સુધી આવવા-જવા માટે તકલીફ ન પડે તે માટે બસોની ખાસ વ્યવસ્થા શરૂ કરાશે. ખાસ કરીને યુવાનો અને મહિલાઓ આ પ્રદર્શનની મુલાકાત લે તેવું આયોજન કરવામાં આવ્યું છે. ૮મી જાન્યુઆરીના રોજ પ્રદર્શનનો પ્રારંભ થશે. સવારે ૯ થી સાંજે ૬ સુધી પ્રદર્શન ખુલ્લુ રહેશે. અમદાવાદના મુલાકાતીઓ માટે સવારે ૭.૩૦ થી સાંજે ૫.૩૦ સુધી જુદા જુદા વિસ્તારોમાંથી બસની સુવિધા સળંગ ૬ દિવસ સુધી ઉપલબ્ધ રહેશે. દર કલાકે આવવા અને જવા માટે બસ મળી રહેશે.

## ભવિષ્યના શહેરોના મોડેલ ઝળહળતા ભવિષ્યનું દર્શન કરાવશે

ગાંધીનગર, તા. ૬

ગુજરાતનો વિકાસ રોકેટ ગતિએ થઈ રહ્યો છે. માળખાકિય સુવિધાઓ સહિતની વિવિધ સુવિધાઓમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. વિકાસની દોડમાં ગુજરાતના શહેરોનો વિકાસ પણ તેજ બનશે તેમાં કોઈ બેમત નથી. ભવિષ્યના શહેરો કેવા હશે તેની ઝલક મેગા ફેરના ફ્યુચર સીટીઝ અને ઈન્ફ્રાસ્ટ્રક્ટર સેગમેન્ટમાં જોઈ શકાશે. દેશ-વિદેશની વિવિધ કન્સ્ટ્રક્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓ આ પ્રદર્શનમાં ભાગ લઈ ભવિષ્યના શહેરોની ઝલક દેખાડશે. મેટ્રોરેલ સહિતની સુવિધાઓ ભવિષ્યના શહેરોમાં ઉપલબ્ધ બનશે.

## ક્રાફ્ટ બજારમાં દેશભરના કલાકારો ભાગ લેશે

ગાંધીનગર, તા.૬

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ બિઝનેસ સમિટ અંતર્ગત યોજાનાર ટ્રેડ ફેરની ચર્ચા દેશ વિદેશમાં થઈ રહી છે. આ પ્રદર્શનમાં કલાકારોની કલાને પ્રોત્સાહન મળે તે માટે ખાસ ક્રાફ્ટ બજાર ઉભું કરાયું છે. સેકટર-૧૭ની લાયબ્રેરી અને ટાઉનહોલની વચ્ચેના મેદાનમાં ક્રાફ્ટ બજાર ઉભું કરાયું છે. આ ક્રાફ્ટ બજારમાં ગુજરાત ઉપરાંત દેશના વિવિધ પ્રાંતના કલાકારો પોતાની કલા પ્રદર્શિત કરશે. હસ્તકલા અને હાથવણાટની વિવિધ ચીજવસ્તુઓનું અહીં વેચાણ પણ કરાશે.

## હીરા જડીત કાર પ્રદર્શનમાં આકર્ષણનું કેન્દ્ર બનશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના હેલીપેડ મેદાન પર આકાર પામી રહેલા વિશાળ મેગા પ્રદર્શનમાં આ વખતે અવનવા આકર્ષણનો ઉમેરો કરવામાં આવ્યો છે. વિશાળ પ્રદર્શનમાં જુદા જુદા સેગમેન્ટ હેઠળ જેમ્સ અને જવેલરીનું સેગમેન્ટ સૌના આકર્ષણનું કેન્દ્ર બનશે. વિશ્વમાં હિરા જવેરાતની બજારમાં ગુજરાતનું નામ મોખરે છે ત્યારે આ ક્ષેત્રની વધુ પ્રગતિ થાય તેવા પ્રયાસો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. જેમ્સ અને જવેલરી સેગમેન્ટમાં સૌથી વધુ આકર્ષણ હીરા જડીત કારનું રહેશે. દેશમાં સૌ પ્રથમવાર હજારો સવારોવસ્કીરત્નો, સુવર્ણ અને ચાંદી જડીને ડીઝાઈન કરેલી કારને પ્રદર્શન સ્થળે મુકવામાં આવશે. એકાદ બે દિવસમાં કાર ગાંધીનગર આવી જશે. કારની હરાજી કરવાનું પણ સરકારે નક્કી કર્યુ છે. હરાજીમાંથી પ્રાપ્ત થનાર રકમને દાનમાં આપી દેવાશે.




## હેલિપેડના મેદાનને ડસ્ટ ફ્રી ઝોન બનાવાયો

ગાંધીનગર, તા.૬

વાયબ્રન્ટ સમીટના પ્રદર્શન સ્થળને ડસ્ટ ફ્રી ઝોન બનાવવામાં આવ્યો છે. આ માટે ખાસ પત્થરો લગાવવામાં આવ્યા છે અને તે પણ રંગીન પત્થરોની પગથી બનાવવામાં આવી છે. આ માટેનું સંપૂર્ણ કામ આજે પૂર્ણ થવા પામ્યું છે.

હેલિપેડ વિસ્તાર આમ તો ખુલ્લો હતો અને તેનો રમતના



મેદાન તરીકે ઉપયોગ થતો હતો. અહિં સરસ મઝાની પગથી તૈયાર કરી આખા વિસ્તારને ડસ્ટ ફ્રી ઝોન બનાવી દેવામાં આવ્યો છે.

આ ઉપરાંત ડોમમાં પણ આ પગથીના પત્થરો લગાવવામાં આવ્યા છે. જે જગ્યા પર જેમ્સ એન્ડ જવેલરીનો આખો અલાયદો ઝોન ઉભો કરવામાં આવી રહ્યો છે.







(તમામ તસવીર : દિપક જાની)